**ચાલુ બાબત ૨૦૨૦-૨૧**

મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની
વર્ષ ૨૦૨૦-૨૧ ના અંદાજપત્રમાં સમાવિષ્ટ
રૂ.૧૦૦ કરોડથી વધુ રકમની ચાલુ બાબતોને
વહીવટી મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર,
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૦/ ૧૪૯૯૯૧/બ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૧-૦૪-૨૦૨૦

ઠરાવ :-

મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની આઇ.સી.ડી.એસ. ની યોજનાકીય બાબતો અંગે વર્ષ ૨૦૨૦-૨૧ ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક-૧૦૬ અને ૯૬ હેઠળ વિભાગ-૨, ચાલુ બાબત, મહેસૂલ/મૂડી સદરે, ભારત સરકાર અને રાજ્ય સરકારના ફાળા પેટે રૂ.૧૦૦ કરોડથી વધુ રકમની આ સાથે બિડેલ પરિશિષ્ટ-૧ મુજબની કુલ-(૭) ચાલુ બાબતો માટે કુલ રૂ.૨૧૪૯૧૧.૦૭ લાખ (રૂપિયા એકવીસો ઓગણપચાસ કરોડ અગીયાર લાખ સાત હજાર પૂરા) ની કરવામાં આવેલ બજેટ જોગવાઇમાંથી ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ સામેલ પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ જે તે અંદાજપત્રીય સદરની બજેટ જોગવાઇની મર્યાદામાં નીચે દર્શાવેલ શરતોને આધિન કરવાનો રહેશે.

શરતો:

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં-કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે .

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

ARChristian

.....૨..

(૬) આ યોજના અંગે કોઈ ખરીદી કરવાની થતી હોય તેવા કિસ્સામાં ઉધોગ અને ખાણ વિભાગના તા.૪-૧૦-૨૦૧૭ ના ઠરાવથી સૂચવવામાં આવેલ કાર્યપધ્ધતિ અને કાર્યપ્રણાલિકાને અનુસરીને ઇ-માર્કેટપ્લસ (જી.ઇ.એમ) પોર્ટલ પરથી કરવાની રહેશે. જો કોઇ આઇટમ પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય તો ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૩-૬-૨૦૧૬ ના ઠરાવથી જાહેર કરવામાં આવેલ ગુજરાત રાજ્ય ખરીદ નીતિ ૨૦૧૬ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૭) જો કોઈ ખરીદી કરવાની થતી હોય તો રૂ.૧.૦૦ લાખથી વધુ કિંમતની ખરીદી નાણાં વિભાગના તા.૧૭-૩-૨૦૦૩ ના ઠરાવથી નક્કી થયા મુજબ જાહેરાત આપીને અને રૂ.૫.૦૦ લાખથી વધુ રકમની ખરીદીના કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૮-૭-૨૦૧૧ ના ઠરાવથી સૂચવ્યા મુજબ ઇ-ટેન્ડર થી કરવાની રહેશે.

(૮) આઈ ટી સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની.વખતો વખની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ યોજનાના અમલ માટે કોઈ નવું મહેકમ ઉભુ કરી શકાશે નહિ. આઉટસોર્સિંગ ભાડેથી વાહનો સા.વ.વિ. ના તા.૯-૮-૨૦૧૦ ના ઠરાવ મુજબ વખતો વખતની સૂચનાઓને આધિન રહેશે.

(૧૦) નાણા વિભાગ દ્વારા જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઈપણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહી.

(૧૧) આ અંગેનો ખર્ચ તા.૧/૪/૨૦૨૦ થી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. ૨૦-૪-૨૦૨૦ થી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

A R Christian

(અંકિતા ક્રિશ્ચિયન)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

બિડાણ :- પરિશિષ્ટ-૧

પ્રતિ,

(૧) માન. મુખ્ય મંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકરીશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૨) માન. મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(3) માન. રા.ક.મંત્રીશ્રી(મ.બા.ક.)અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૪) માન. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૫) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૭) સચિવશ્રી (આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૮) સચિવશ્રી(આયોજન)ના નાયબ સચિવ,સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
(૯) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૦) નિયામકશ્રી(આઇસીડીએસ) , કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,
૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૧૧) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. ....................
(૧૨) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ. ........................
(૧૩) વિભાગીય નાયબ નિયામકશ્રી (આઇસીડીએસ) અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ
(૧૪) સર્વે પ્રોગ્રામ અધિકારી (આઇસીડીએસ), જિલ્લા પંચાયત કચેરી, જિ. ...................
(૧૫) સર્વે પ્રોગ્રામ અધિકારી (આઇસીડીએસ), મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ. ...................
(૧૬) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
(૧૭) એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
(૧૮) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
(૧૯) વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ
(૨૦) સિસ્ટમ મેનેજર – વેબસાઇટ ઉપર મુકવા સારૂ.
(૧૯) સિલેક્ટ ફાઇલ

## પરિશિષ્ટ -૧

મહિલા અને બાળ વિકાસ વિભાગના તા. ૨૧-૪-૨૦૨૦ ના ઠરાવ ક્ર:આઇસીડી/૧૧૨૦૨૦/૧૪૯૯૯૧/બ સાથેનું બિડાણ

વર્ષ ૨૦૨૦-૨૧ ના અંદાજપત્રમાં સમાવિષ્ઠ રૂ.૧૦૦ કરોડથી વધુ રકમની ચાલુ બાબતો.

**Rs. in lakhs**

| Sr. No | Major Head | Continue 2020-21 | | Total |
|---|---|---|---|---|
| | | State | CSS | |
| | 106-2236 | | | |
| 1 | 106-2236-02-101-01:NTR-10 Additional Facility to Anganwadi Worker and Anganwadi Helper | 26952.46 | 0.00 | 26952.46 |
| 2 | 106-2236-02-101-02 National Nutrition Mission | 3173.86 | 12695.46 | 15869.32 |
| 3 | 106-2236-02-800-01:NTR-18 Integrated Child Development Scheme | 27544.56 | 27564.19 | 55108.75 |
| 4 | 106-2236-02-800-02:NTR-2 Integrated Child Development Scheme | 28170.20 | 23941.05 | 52111.25 |
| 5 | 106-2236-02-800-11 : PURNA Yojana | 14037.09 | 0.00 | 14037.09 |
| | 96-2236 | | | |
| 6 | 96-2236-02-796-01 NTR-16 Introduction of Integrated Child Development Service Scheme | 6420.69 | 8027.21 | 14447.9 |
| 7 | 96-2236-02-796-02 NTR-2 Introduction of Integrated Child Development Service Scheme | 24238.30 | 12146.00 | 36384.3 |
| | Total | 130537.16 | 84373.91 | 214911.07 |

A Rchristian

(અંકિતા ક્રિશ્ચિયન)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ